# Frequently Asked Questions (FAQs) for ACPUGMEC
# [ACPUGMEC વિષે વારંવાર પૂછાતા પ્રશ્નો]

ગુજરાત સરકાર ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ધોરણ ૧૨ (૧૦+૨) વિજ્ઞાન પ્રવાહ પછીના મેડિકલ અને પેરામેડિકલ અભ્યાસક્રમો માટે **"Admission Committee for Professional Undergraduate Medical Education Courses (ACPUGMEC)"**ના નામે એડમિશન કમિટી ની રચના કરેલ છે.

### 1. ઉપરોક્ત એડમિશન કમિટી નીચે દર્શાવેલ અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરશે.

- MBBS: Bachelor of Medicine, Bachelor of Surgery
- BDS: Bachelor of Dental Surgery
- BHMS: Bachelors of Homeopathic Medicine and Surgery
- BAMS: Bachelor of Ayurveda Medicine and Surgery
- BNYS: Bachelor of Naturopathy and Yogic Science

### 2. ધોરણ ૧૨ પછીના અભ્યાસક્રમો કરવા માટેની જાણકારી આપશો.

- (અ) જે ઉમેદવારે ધોરણ ૧૨(૧૦+૨) વિજ્ઞાન પ્રવાહ [**ગ્રુપ-બી, ગ્રુપ-એબી** વિજ્ઞાન પ્રવાહમાં રસાયણશાસ્ત્ર (Chemistry), ભોતિકશાસ્ત્ર (Physics), અને જીવવિજ્ઞાન (Biology) વિષયના ગ્રુપ] હોય તે ઉમેદવાર MBBS, BDS, BHMS, BAMS, અને BNYS નાં પ્રવેશ માટે ફોર્મ ભરી શકે છે.

### 3. ઉપર જણાવ્યા મુજબના કોર્ષમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શુ છે?

- સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન પદ્ધતિથી હાથ ધરવામાં આવે છે. PIN વિતરણ માન્ય Axis બેંક ની શાખાઓ માં થી રૂ.૨૦૦/- ચૂકવવાથી મેળવી શકાય છે અથવા તો ઓનલાઈન કમિટીની વેબસાઈટ પરથી ખરીદી શકાય. પીન વિતરણની તારીખ, ડોક્યુમેન્ટની ચકાસણી માટેના હેલ્પ સેન્ટરો, ચોઈસ ભરવા માટેની તારીખો વગેરેની માહિતી www.medadmgujrat.org વેબસાઈટ પર તેમજ અગ્રણી સમાચાર પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે.

### 4. મેરીટ કઈ રીતે બનાવવામાં આવે છે?

- **NEET-UG-2019** માં ક્વૉલિફાય થયેલ વિદ્યાર્થીઓના **All India Rank** ને આધારે મેરીટ લિસ્ટ બનાવવામાં આવશે.

### 5. જો પ્રથમ પ્રવેશ રાઉન્ડની પ્રક્રિયા ચુકી જવાય તો શુ કરવું?

- આપે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવેલ હોય અને હેલ્પ સેન્ટર ખાતે ઓરીજીનલ ડોક્યુમેન્ટ ની ચકાસણી કરાવેલ હોય અને મેરીટ લીસ્ટમાં આપનો સમાવેશ થયેલ હોય અને જો પ્રથમ ઓનલાઈન ચોઈસ ભરવાની પ્રક્રિયા ચુકી જવાય તો, રિશફલિંગ વખતે ફરી બીજી ઓનલાઈન ચોઈસ ભરવાની પ્રક્રિયા માં ભાગ લઈ શકો છો પરંતુ પ્રથમ ઓનલાઈન ચોઈસ દરમ્યાન તમારા મેરીટ ક્રમ વખતે જે સંસ્થાઓ ઉપલબ્ધ હતી તેના પર હક્ક તેમજ દાવો રહેશે નહી.
- જો ઉમેદવાર ગંભીર માંદગી, અકસ્માત અથવા અનિવાર્ય સંજોગોને કારણે હેલ્પ સેન્ટર ખાતે જાતે હાજર ન રહી શકે તે કિસ્સામાં તેના માતા,પિતા અથવા વાલીએ પ્રવેશ સમિતિની પૂર્વ મંજુરી મેળવ્યા પછી, ગેરહાજરી અંગેના કારણ દર્શાવતો, દસ્તાવેજી પુરાવા સાથેનો ઉમેદવારે સહી કરેલો અધિકૃત પત્ર રજુ કરવો જોઈશે. જેનો નમુનો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

### 6. આરક્ષિત અને બિન આરક્ષિત બેઠકોની ટકાવારી વિષે જણાવશો.

- અનુસુચિત જાતિ (Scheduled Caste) – ૭%
- અનુસુચિત જનજાતિ (Scheduled Tribe) – ૧૫%
- સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (Socially and Educationally Backward Class) – ૨૭%
- આર્થિક રીતે નબળા વર્ગો (EWS) – ૧૦%
- અન્ય તમામ સીટો સામાન્ય વર્ગ માટે ઉપલબ્ધ થાય છે.

### 7. આ બેઠકો સિવાય અન્ય આરક્ષિત બેઠકો છે?

- હા, ઉપરોક્ત સરકારશ્રી દ્વારા નિયત કરેલ સામાન્ય નિયમોનુસાર ની આરક્ષિત બેઠકો ઉપરાંત, ૫% બેઠકો (જે તે કેટેગરીમાં) શારીરિક વિકલાંગતા ધરાવતા હોય તેઓ માટે **ફક્ત સરકારી સંસ્થાઓમાં / ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓમાં** આરક્ષિત કરવામાં આવે છે.

### 8. પ્રવેશ માટે કેટલા પ્રકારની બેઠકો ઉપલબ્ધ છે?

- પ્રવેશ માટે ત્રણ પ્રકારની બેઠકો ઉપલબ્ધ છે જે નીચે મુજબ છે,
  (અ) સરકારી બેઠકો: સરકાર સંચાલિત કોલેજોની તમામ બેઠકો તેમજ સ્વનિર્ભર કોલેજો ની કુલ બેઠકો પૈકીની ૭૫% બેઠકો
  (બ) મેનેજમેન્ટ ક્વોટા (MQ) ની બેઠકો: સ્વનિર્ભર કોલેજો અને સ્કૂલોની કુલ બેઠકો પૈકી ૧૦% બેઠકો,
  (ક) બિન નિવાસી ભારતીય (NRI) બેઠકો: સ્વનિર્ભર કોલેજો ની ૧૫% બેઠકો.

### 9. પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાત (Eligibility Criteria)શુ છે?

| Courses | Category | HSC Examination | NEET-UG |
|---|---|---|---|
| **MBBS, BDS** | General and EWS | Passed with 50% marks of Theory + Practical in Physics, Chemistry and Biology | 50 Percentile |
| | Gen-PwD and EWS-PwD | Passed with 45% marks of Theory + Practical in Physics, Chemistry and Biology | 45 Percentile |
| | Reserved (SC, ST, SEBC including PwD) | Passed with 40% marks of Theory + Practical in Physics, Chemistry and Biology | 40 Percentile |
| **BAMS** | General and EWS | Passed with 50% marks of Theory + Practical in Physics, Chemistry and Biology | 50 Percentile |
| | Gen-PwD and EWS-PwD | Passed with 45% marks of Theory + Practical in Physics, Chemistry and Biology | 45 Percentile |
| | Reserved (SC, ST, SEBC including PwD) | Passed with 40% marks of Theory + Practical in Physics, Chemistry and Biology | 40 Percentile |
| **BHMS, BNAT** | General and EWS | Pass | 50 Percentile |
| | Gen-PwD and EWS-PwD | Pass | 45 Percentile |
| | Reserved (SC, ST, SEBC including PwD) | Pass | 40 Percentile |

## 10.પ્રવેશ માટેની અન્ય લાયકાત શુ છે? કોણ અરજી કરી શકે?

- અત્રેની પ્રવેશ સમિતિમાં માં ભાગ લેવા માટે વિદ્યાર્થી -
  (1) વિદ્યાર્થીનો જન્મ ગુજરાત રાજ્યમાં થયેલ હોવો જોઈએ (જરૂરી પ્રમાણપત્ર જોઈએ).
  અથવા
  ગુજરાત રાજ્યનો ડોમિસાઈલ હોવો જોઈએ (રાજ્ય સરકારના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર જોઈએ).
  (2) ધો. 12 ગુજરાત બોર્ડમાંથી; અથવા ગુજરાત રાજ્યમાં આવેલી CBSE બોર્ડ; અથવા ICSE બોર્ડ; અથવા ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ (International Baccalaureate and Cambridge – કેમ્બ્રિજ બોર્ડ); અથવા ઓપન સ્કૂલિંગ ની શાળામાંથી પાસ કરેલું હોવું જોઈએ.
- ઉમેદવાર ભારતીય નાગરિકતા ધરાવતો હોવો જોઇયે.
- શૈક્ષણિક વર્ષની ૩૧ ડિસમ્બરે ૧૭ વર્ષ થી ઓછી ઉમર ન હોવી જોઈએ.(ડિસેમ્બર-૨૦૧૯ ની સ્થિતિએ) (તા.૦૧-૦૧-૨૦૦૩ કે પહેલા જન્મેલ હોવો જોઈએ.)
- NRI બેઠક (બિનનિવાસી ભારતીય) માટેના ઉમેદવારો શૈક્ષણિક હેતુસર બિનનિવાસી ભારતીયના પાલ્ય અથવા બાળકો હોવા જરૂરી છે.
- જે તે શૈક્ષણિક વર્ષમાં પુરક પરીક્ષા (Supplementary Examination) આપેલ હોય તેઓ પ્રવેશ મેળવી શકશે નહી.

## 11.જો મેનેજમેન્ટ બેઠકો પર પ્રવેશ લેવો હોય તો શુ કરવું?

- મેનેજમેન્ટ બેઠકના પ્રવેશ માટે પણ પ્રવેશ સમિતિ દ્વારા બહાર પાડેલ અરજીપત્રક ભરી મેરીટ યાદીમાં આવવું જરૂરી છે.
- મેડીકલ/ડેન્ટલની તમામ સરકારી/સ્વનિર્ભર સંસ્થાઓની ૧૦૦% (બેઠકો) પર પ્રવેશ કાર્યવાહી પ્રવેશ સમિતિ દ્વારાં મેરીટ મુજબ કરવામાં આવે છે.
- જેટલી સ્વનિર્ભર આયુર્વેદ/હોમિયોપેથી/નેચરોપેથી ચલાવતી સંસ્થાઓ છે તેઓએ બધાએ મળીને સંયુક્ત કમિટિ (**Consortium**) બનાવેલ છે. તેઓ અગ્રણી વર્તમાન પત્રમાં મેનેજમેન્ટ બેઠકના પ્રવેશ માટેના ફોર્મ ક્યાંથી મેળવવા, પરત કરવા, તેનું સ્થળ અને સમય મર્યાદા (તારીખ) જણાવશે. તે ઉપરાંત GMERS મેડીકલ કોલેજ ગાંધીનગર ખાતે પણ આ **Consortium** પ્રવેશ પત્રની વહેચણી અને પરત લેવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. ઉમેદવાર સ્વનિર્ભર સંસ્થામાથી પણ પ્રવેશપત્ર મેળવી શકશે અને પરત કરી શકશે. મેળવેલ સમગ્ર લાયક પ્રવેશ પત્રોમાંથી પ્રવેશને પાત્ર ઉમેદવારોનું **Consortium** કોમન મેરીટ બનાવશે, દરેક ઉમેદવારોને આ **Consortium** પત્ર લખી તેનો મેરીટ ક્રમાંક પ્રવેશનું સ્થળ અને તારીખ જણાવશે. પ્રવેશ પ્રક્રિયાનું સ્થળ અને તારીખ દર્શાવતી જાહેરાત પણ અગ્રણી વર્તમાનપત્રોમાં કરશે તે મુજબ દરેક ઉમેદવારે હાજર રહી પ્રવેશ મેળવવાનો રહે છે.

## 12.જો બિન નિવાસી ભારતીય (NRI) બેઠક પર પ્રવેશ મેળવવો હોય તો શુ કરવું?

- NRI બેઠકના પ્રવેશ માટે પણ પ્રવેશ સમિતિ દ્વારા બહાર પાડેલ અરજીપત્રક ભરી મેરીટ યાદીમાં આવવું જરૂરી છે. (NRIપ્રવેશની લાયકાત અને અન્ય સૂચનાં પ્રવેશ સમિતિની વેબસાઈટ પર અલગથી ઉપલબ્ધ છે.)

## 13.લોકલ ક્વોટા વિશેની માહિતી આપો.

- MBBSના પ્રવેશમાં **શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, અમદાવાદ** માં અમદાવાદ મ્યુનિસિપલનાં લોકલ ક્વોટા (68 બેઠકો) અને **સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ એજ્યુકેશન &રિસર્ચ, સુરત** માં સુરત મ્યુનિસિપલ લોકલ ક્વોટા (70 બેઠકો) ની જોગવાઈ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ લોકલ ક્વોટા સર્ટીફિકેટ ડીન શ્રી, શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપાલ મેડીકલ કોલેજ, અમદાવાદ દ્વારા અને સુરત મ્યુનિસિપલ લોકલ ક્વોટા અને ડીન શ્રી, સુરત મ્યુનિસિપાલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ એજ્યુકેશન & રિસર્ચ, સુરત દ્વારા જે દિવસથી PIN વિતરણની પ્રક્રિયા ચાલુ થાય અને જે દિવસે PIN વિતરણની પ્રક્રિયા પૂરી થાય તે દિવસ સુધી આપવામાં આવે છે.
- આ અંગે સંસ્થામાંથી આ સર્ટીફિકેટ મેળવી લેવા માટેની જાહેરાત સંસ્થાદ્વારા શહેરનાં લોકલ વર્તમાનપત્રમાં આપવામાં આવે છે.

### 14.અરજી સાથે ક્યાં દસ્તાવેજો જોડવા જરૂરી છે?

- Std. 12th(HSC) Mark sheet [ધો. 12 (એચ.એસ.સી.) ની માર્કશીટ]
- Copy of NEET-UG-2019 Marksheet [NEET-UG-2019 માર્કશીટની નકલ]
- Domicile Certificate of Gujarat State [ગુજરાત રાજ્યનું ડોમીસાઈલ સર્ટિફિકેટ]
- Document showing place of birth & Date of Birth & Indian Citizenship: School leaving Certificate/ Transfer Certificate / Passport / Birth Certificate [જન્મ સ્થળ/ જન્મ તારીખ અને ભારતીય નાગરિકતાના પુરવાનું પ્રમાણપત્ર: શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/ ટ્રાન્સફર સર્ટિફિકેટ/ પાસપોર્ટ / જન્મનું પ્રમાણપત્ર]
- For SEBC, ST and SC Category: Cast certificate issued by Authorities of Gujarat State only [એસ.ઈ.બી.સી., એસ.ટી. અને એસ.સી. કેટેગરી માટે: જાતિ પ્રમાણપત્ર - ફક્ત ગુજરાત રાજયના અધિકારીઓ દ્વારા આપેલ હોય]
- For SEBC Category: Non-creamy layer certificate (Parishistha ‘4’ in Gujarati/English) issued on or after 01/04/2017 by Authorities of Gujarat State only [એસ.ઈ.બી.સી. કેટેગરી માટે: નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ ફક્ત ગુજરાત રાજયના અધિકારીઓ દ્વારા આપેલ પરિશિષ્ટ '4' ગુજરાતી/અંગ્રેજી માં તારીખ ૦૧/૦૪/૨૦૧૭ કે તે પછીની તારીખનું]
- For EWS (Economically Weaker Sections) Category: EWS certificate issued by Competent Authorities of Gujarat State only [EWS (આર્થિક રીતે નબળા વર્ગો) કેટેગરી માટે: EWS (આર્થિક રીતે નબળા વર્ગો માટેના પાત્રતા ધરાવતા) પ્રમાણપત્ર - ફક્ત ગુજરાત રાજ્યના અધિકારીઓ દ્વારા આપેલ હોય]
- Local Quota Certificate if admitted in Local Quota of Smt. NHL Municipal Medical College, Ahmedabad or Surat Municipal Medical College, Surat [જો શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ અથવા સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, સુરત ના લોકલ ક્વોટામાં એડમિશન મળેલ હોય તો લોકલ ક્વોટા સર્ટીફીકેટ]
- Copy of Passport (if Citizenship is Dual / Foreign) [પાસપોર્ટની નકલ (જો નાગરિકતા ડ્યુઅલ / વિદેશી હોય તો)]
- Disability Certificate issued by Competent Authority subject to verified by Medical Board of ACPUGMEC [સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ ડિસેબીલીટી સર્ટિફિકેટ, જે ACPUGMEC ના મેડિકલ બોર્ડ દ્વારા ચકાસવામાં આવશે]

### 15.શુ મારે મારા અસલ પ્રમાણપત્રો પ્રવેશ વખતે લાવવાના રહેશે?

- હા, પ્રવેશ પત્રમાં જણાવેલ તમામ અસલ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે.(અરજીપત્રકની ચકાસણી તેમજ ઓનલાઈન એલોટમેન્ટ લેટર મળ્યા બાદ હેલ્પ સેન્ટર પર રીપોર્ટીંગ કરી એડમિશન ઓર્ડર લેવા વખતે)

### 16.પ્રવેશ માટેવાર્ષિક ટ્યુશન ફીનું ધોરણ શુ છે?

- સરકારી મેડિકલ કોલેજ: રૂ.૨૫૦૦૦/-
- સરકારી ડેન્ટલ કોલેજ: રૂ.૨૦૦૦૦/-
- સરકારી આયુર્વેદિક કોલેજ: રૂ.૪૦૦૦/-
- સરકારી હોમિયોપેથી કોલેજ: રૂ.૪૦૦૦/-
- સ્વનિર્ભર સંસ્થાઓ માટે ફી નિર્ધારણ સમિતિ દ્વારા જે ફી નક્કી થાય તે મુજબ ફી ભરવાની થાય છે, પ્રવેશ વખતે એક ટર્મની ફી લેવામાં આવે છે, જે એક્સીસ બેંકની નક્કી કરેલ શાખાઓ માં જ ભરવાની થાય છે,
- ફી માટેની સમગ્ર જાણકારી પ્રવેશ સમિતિની વેબસાઈટ પર મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ થશે તેની સાથે મુકવામાં આવે છે, અત્રેથી લેવાતી ફી ફક્ત ટ્યુશન ફી છે, હોસ્ટેલ,મેશ, ટ્રાન્સપોર્ટ તેમજ અન્ય ફી ઉમેદવારે અલગથી સંસ્થામાં આપવાની રહેશે.

### 17.જો પ્રવેશ રદ કરવો હોય તો શુ કરવું?

- જો પ્રવેશ રદ કરવો હોય તો તે માટેની તારીખો તથા સમય વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. લેખિત અરજી આપી પ્રવેશ રદ કરી શકે છે.તેમજ રિશફલિંગની પ્રક્રિયા દરમ્યાન પણ પ્રવેશ રદ કરી શકે છે.

### 18.પ્રવેશ રદ કરતા ફી તેમજ અસલ પ્રમાણપત્રો પરત મેળવવા શુ કરવું?

- જો પ્રથમ કાઉન્સીલીંગ પછી કે રિશફલિંગ દરમ્યાન પ્રવેશ રદ કરે તો પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા બાદ ફી પરત આપવામાં આવે છે. અસલ પ્રમાણપત્રો હેલ્પ સેન્ટર પરથી તે જ દિવસે પરત કરવામાં આવશે.
- જો આપને ફી પરત લેવાની થતી હશે તો તે ફી પ્રવેશ પ્રક્રિયા સમાપ્ત થયા પછી આપના બેંક ખાતામાં બારોબર જમા કરવામાં આવશે અને તે માટે આપના બેંક ખાતાની વિગતો ઓનલાઈન મોડ્યુલ જે પ્રવેશ સમિતિ દ્વારાં વેબસાઈટ પર મુકવામાં આવશે તેમાં ભરવાની રહેશે. આ બાબતે આપના રજીસ્ટર થયેલ મોબાઈલ નંબર પર કમિટી દ્વારાં SMS થી જાણ કરવામાં આવશે.

### 19.જો મને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવાય છે અને એક્સિસ બેન્કમાં ટ્યુશન ફી ભરીને હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવીને તે પ્રવેશ કન્ફર્મ કરાવું છું. હવે હું બીજા રાઉન્ડ માટે સંમતિ (consent) આપું છું અને ચોઈસ ફિલિંગ કરું છું. બીજા રાઉન્ડમાં મને નવો પ્રવેશ ફાળવાય છે. પણ મને એ પ્રવેશ પસંદ નથી તો મારો પ્રથમ રાઉન્ડનો પ્રવેશ ચાલુ રાખી શકાશે?

- તમે બીજા રાઉન્ડ માટે સંમતિ (consent) આપીને ભાગ લો છો તેનો અર્થ એ થાય છે કે તમને અગાઉ ના રાઉન્ડમાં મળેલ પ્રવેશ કરતા તમારી ચોઈસની (ચોઈસ ફીલિંગમાં ભરેલ સંસ્થાઓની યાદી મુજબ) બીજી સંસ્થામાં પ્રવેશ ફાળવાય છે તો અગાઉના રાઉન્ડનો પ્રવેશ આપોઆપ રદ થઇ જશે.
- એકવાર પ્રથમ રાઉન્ડનો પ્રવેશ રદ થતા ક્લોઝર ના નિયમ મુજબ તમને પ્રથમ રાઉન્ડમાં મળેલ પ્રવેશ હવે અગાઉના કોઈ પણ રાઉન્ડમાં ફાળવવામાં આવશે નહિ.

### 20.ક્લોઝરનો નિયમ વિગતવાર સમજાવશો.

- તમને અગાઉના રાઉન્ડમાં તમારી ચોઈસ અને મેરિટ મુજબ એક પ્રવેશ ફાળવાય છે. હવે પછીના રાઉન્ડમાં તમને તમારા મેરીટ નંબર ના પહેલા ભરાયેલ સંસ્થાઓમાં પ્રવેશ ફાળવવામાં આવશે. જે સંસ્થાઓમાં તમારા પછીના મેરીટ નંબર પછી ભરાયેલી હશે તે સંસ્થાઓમાં તમને પ્રવેશ ફાળવાશે નહિ.

- દા.ત. એક વિદ્યાર્થીનો મેરીટ નંબર 120 છે અને તે પ્રથમ રાઉન્ડ માટે પોતાની ચોઈસ આ મુજબ ભરે છે: (1) બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદ (2) શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ (3) જી એમ ઈ આર એસ મેડિકલ કોલેજ, સોલા, અમદાવાદ (4) જી એમ ઈ આર એસ મેડિકલ કોલેજ, ગાંધીનગર (5) સરકારી મેડિકલ કોલેજ, વડોદરા. વિદ્યાર્થીને પ્રથમ રાઉન્ડમાં એની બીજા નંબરની ચોઈસ શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ માં પ્રવેશ ફાળવાય છે. પરંતુ બીજા રાઉન્ડમાં તેને ઈચ્છા થાય છે કે હું સરકારી મેડિકલ કોલેજ, વડોદરા ખાતે પ્રવેશ મેળવું. પરંતુ પ્રથમ રાઉન્ડમાં સરકારી મેડિકલ કોલેજ, વડોદરા ખાતે છેલ્લું એડમિશન મેળવનાર વિદ્યાર્થીનો મેરીટ નંબર 140 હતો. એનો અર્થ એ થાય કે વિદ્યાર્થીને પ્રથમ રાઉન્ડમાં એના મેરીટ નંબર મુજબ સરકારી મેડિકલ કોલેજ, વડોદરા ખાતે પ્રવેશ મળી શકતો હતો. હવે બીજા રાઉન્ડ કે એના પછીના રાઉન્ડમાં વિદ્યાર્થીને બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદ માં એડમિશન મળી શકશે પરંતુ સરકારી મેડિકલ કોલેજ, વડોદરા આ વિદ્યાર્થીને ક્લોઝર ના નિયમ મુજબ પ્રવેશ મળી શકશે નહિ.

## 21.બૉન્ડ વિષે ની માહિતી આપશો.

- ગુજરાત રાજ્યની તમામ સરકારી મેડિકલ કોલેજ [(૧) બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદ; (૨) સરકારી મેડિકલ કોલેજ, વડોદરા; (૩) સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર; (૪) સરકારી મેડિકલ કોલેજ, સુરત; (૫) પીડીયુ મેડિકલ કોલેજ, રાજકોટ; અને (૬) એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ, જામનગર] માં રૂ. ૫.૦૦ લાખ (અથવા ૩ વર્ષની ગ્રામ્ય વિસ્તારમાં સેવા) નો બૉન્ડ છે.
- ગુજરાત રાજ્યની તમામ જી. એમ. ઈ. આર. એસ. મેડિકલ કોલેજ [(૧) જી. એમ. ઈ. આર. એસ. મેડિકલ કોલેજ, ગાંધીનગર; (૨) જી. એમ. ઈ. આર. એસ. મેડિકલ કોલેજ, સોલા-અમદાવાદ; (૩) જી. એમ. ઈ. આર. એસ. મેડિકલ કોલેજ, ગોત્રી-વડોદરા; (૪) જી. એમ. ઈ. આર. એસ. મેડિકલ કોલેજ, ધારપુર-પાટણ; (૫) જી. એમ. ઈ. આર. એસ. મેડિકલ કોલેજ, વલસાડ; (૬) જી. એમ. ઈ. આર. એસ. મેડિકલ કોલેજ, હિંમતનગર; (૭) જી. એમ. ઈ. આર. એસ. મેડિકલ કોલેજ, જૂનાગઢ; અને (૮) જી. એમ. ઈ. આર. એસ. મેડિકલ કોલેજ, વડનગર] માં રૂ. ૨.૦૦ લાખ (અથવા ૨ વર્ષની ગ્રામ્ય વિસ્તારમાં સેવા) નો બૉન્ડ છે.

## 22.અગત્યની સૂચના

- આપનો પીન નંબર, પાસવર્ડ અને યુઝર આઈ.ડી કોઈને જણાવવા નહિ જેથી તેનો કોઈ વ્યક્તિ દુરુપયોગ ના કરી શકે.
- કમિટી દ્વારા અવારનવાર મેસેજ મોકલવામાં આવતા હોવાથી બે મોબાઈલ નંબર ચાલુ હોય તે જ આપવા. (પોતાનો તથા વાલી નો મોબાઈલ નંબર). સાયબર કાફે નો મોબાઈલ નંબર લખવો નહીં.
- જરૂરી સૂચનાઓ માટે વારંવાર કમિટી ની વેબસાઈટ જોતા રહેવું.
- જો આપને પ્રવેશ મળેલ હોય તો વેબસાઈટ પરથી એલોટમેન્ટ લેટર તથા ફી ચલન ડાઉનલોડ કરવાનું રહેશે. એક્ષીસ બેંક માં ફી ભર્યા પછી હેલ્પ સેન્ટર પર જઈ જરૂરી અસલ પ્રમાણપત્રો જમા કરાવી ને હેલ્પ સેન્ટર માં થી પ્રોવિઝનલ એડમિશન ઓર્ડર લેવાનો રહેશે.
- એક્ષીસ બેંક માં ફી ન ભરવાથી તથા હેલ્પ સેન્ટર પર જઈ જરૂરી અસલ પ્રમાણપત્રો જમા નકરાવવા થી આપનો પ્રવેશ આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે.
- પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા પછી એડમિશન કમિટી દ્વારા કોઈપણ સંજોગોમાં પ્રવેશ રદ કરી આપવામાં આવશે નહીં.
- પ્રવેશ મેળવ્યા પછી જે તે સંસ્થામાં મેડિકલ ફિટનેસ નું પ્રમાણપત્ર આપવું ફરજિયાત છે.
- રીશફ્લીંગ દરમ્યાન આપનો પ્રવેશ જો બદલાયો હોય તો ફરીથી વેબસાઈટ પરથી નવો એલોટમેન્ટ લેટર તથા ફી ચલન ડાઉનલોડ કરવાનું રહેશે. જો તફાવત ની રકમ ભરવાની થતી હોય તો એક્ષીસ બેંક માં ફી ભર્યા પછી હેલ્પ સેન્ટર પર જઈ જરૂરી અસલ પ્રમાણપત્રો જમા કરાવી ને હેલ્પ સેન્ટર માં થી નવો એડમિશન ઓર્ડર લેવાનો રહેશે.
- આપનો પ્રવેશ જો બદલાયો હોય અને તફાવત ની રકમ ભરવાની થતી ન હોય અને હેલ્પ સેન્ટર માં અસલ

પ્રમાણપત્રો જમા કરાવેલ હોય તો પણ હેલ્પ સેન્ટર પર જઈ ને નવો એડમિશન ઓર્ડર લેવાનો રહેશે.

- એલોટમેન્ટ લેટર એ એડમિશન ઓર્ડર નથી.
- એડમીશન ઓર્ડર લીધા પછી નક્કી કરેલ સમય મર્યાદામાં જે તે પ્રવેશ લીધેલ સંસ્થામાં હાજર થવાનું રહેશે.
- ફ્રી શીપ કાર્ડ ધરાવતા SC તેમજ ST કેટેગરી નાં ઉમેદવારોએ હેલ્પ સેન્ટર પર જઈને ફી ઝીરો (ફી માફી) કરાવવાની રહેશે.
- **ચોઈસ ફીલિંગ માટે અગત્યની સૂચનાઓ**
  - આપ આપને ઉપલબ્ધ તમામ સીટો માટે ચોઈસ ભરી શકો છો. ચોઈસ ભરવા માટે કોઈ મર્યાદા નથી.
  - જે કોર્સમાં આપને પ્રવેશ લેવો હોય તે જ કોર્સની ચોઈસ ભરવી જોઈએ.
  - આપના મેરીટ નંબર પછી જે સંસ્થામાં પ્રવેશ બંધ થયેલ હશે તે સંસ્થામાં સીટો ખાલી હશે તો પણ તે પછીના રાઉન્ડમાં આપને તે સંસ્થામાં પ્રવેશ મળવાપાત્ર નથી આથી આપની પસંદગી મુજબ શક્ય હોય તેટલી વધારે ચોઈસ ભરવી જોઈએ.
- **મેરીટ લિસ્ટ માં આપનું નામ નીચેના કારણોસર ન હોઈ શકે**
  - ધોરણ ૧૨ માં નાપાસ.
  - જે - તે શૈક્ષણિક વર્ષની NEET-UG માં ક્વૉલિફાય થયેલ ન હોય.
  - ગુજરાત રાજ્યમાં જન્મેલ ન હોય અને ગુજરાત રાજ્યનો ડોમિસાઈલ પણ ન હોય.
  - ધોરણ ૧૨GSEB, CBSE, ICSE, NIOS & IB (Cambridge) સિવાય ના અન્ય બોર્ડ.
  - ધોરણ ૧૨CBSE, ICSE, NIOS & IB (Cambridge) બોર્ડ અન્ય રાજ્યમાં થી પાસ કરેલ હોય.
  - હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઈન રજીસ્ટ્રેશન કર્યા બાદ ડોક્યુમેંટ વેરીફિકેશન ન કરાવ્યું હોય.
  - ધોરણ ૧૨ ની પરીક્ષા જુન/જુલાઈ ૨૦૧૯માં પૂરક પરીક્ષામાં પાસ કરેલ હોય.
  - મેડીકલ બોર્ડ ધ્વારા અનફીટ જાહેર કરેલ હોય.
  - આ ઉપરાંત પણ કોઈ પણ પ્રવેશ નિયમો મુજબ લાયકાત ધરાવતાં ન હોય.